અપીલ અરજી નં.૩૧ તા.૧–૫–૦૯ /૧૦

અરજદારઃ શ્રી સુરેશ એમ. પટેલ
સામાવાળાઃ શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી, સેન્ટ્રલઝોન

## ફરીયાદની હકીકતઃ–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી સુરેશ એમ. પટેલની તા.૧૩–૩–૦૯ ની અરજીથી (૧) સોના ચાંદીની ભઠ્ઠીઓ શ્રી ભારત સરકારના લઘુઉદ્યોગની વ્યાખ્યામાં આવે છે કે નહીં ?અને આવતુ હોય તો BPMC એકટની કલમ ૩૭૬,અ,૧ ,૨,૩,૪, લાગે છે? (૨)સોના ચાંદીની ભઠ્ઠીમાં કયા પ્રકાર ના કેમીકલ્સ વપરાશ થાય છે તેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧–૫–'૦૯ ની અપીલ અરજી નં.૩૧/૨૦૦૯–૧૦

શ્રી સુરેશ એમ. પટેલની તા.૧૩–૩–૦૯ ની અરજીથી (૧) સોના ચાંદીની ભઠ્ઠીઓ શ્રી ભારત સરકારના લઘુઉદ્યોગની વ્યાખ્યામાં આવે છે કે નહીં? અને આવતુ હોય તો BPMC એકટની કલમ ૩૭૬,અ ,૧,૨,૩,૪, લાગે છે? (૨)સોના ચાંદીની ભઠ્ઠીમાં કયા પ્રકાર ના કેમીકલ્સ વપરાશ થાય છે તેની માહિતી આપવા બાબતે આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧–૫–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૪૧ તા.૧૩–૫–૦૯થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી, સેન્ટ્રલઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/ આ.નં. ૧૮૦ તા.૧૯–૫–૦૯ થી પૂરક માહિતી પૂરી પાડવામાં આવેલ.

અરજદારની તા.૧૩–૩–૦૯ ની અરજીથી (૧) સોના ચાંદીની ભઠ્ઠીઓ શ્રી ભારત સરકારના લઘુઉદ્યોગની વ્યાખ્યામાં આવે છ કે નહી? અને આવતુ હોય તો BPMC એકટની કલમ ૩૭૬,અ,૧,૨,૩,૪, લાગે છે? (૨)સોના ચાંદીની ભઠ્ઠીમાં કયા પ્રકાર ના કેમીકલ્સ વપરાશ થાય છે તેની માહિતી માંગેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સીઝેડ/આરટીઆઈ/આ.નં.૧૩ તા.૬–૪–૦૯ થી માહિતી પુરી પાડેલ હોવાનું જણાય છે. તેમાં મુદ્દા નં.૧ ની અંશતઃ માહિતી બાબતે એક નકલના રૂા.૨/– પ્રમાણે બે નકલના રૂા.૪/– ભરી જવા તથા ફી ભરાયા બાદ કાગળો આપવાની કાર્યવાહી કરવામાં આવશે. તેવી તથા મુદ્દા નં.૨ થી માંગવામાં આવેલ માહિતી આપવા માટે પ્રાદેશિક અધિકારી શ્રી ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ, સુરત. રીજીયન ઓફિસ (૩૩૮–બેલ્જીયમ સ્કવેર, રીંગરોડ સુરત.) ને પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૫૯૩ તા.૧૯–૩–૦૯ થી તબદીલ કરવામાં આવેલ હોવાની તથા મુદ્દા નં.૧ અંશતઃ અંગે પત્ર નં.સીઝેડ/આરટીઆઈ/૧૫૯૩ તા.૧૯–૩–૦૯ થી સંયુકત ઉદ્યોગ કમિશ્નર અને જનરલ મેનેજર જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર સુરતને તબદીલ કરેલ હોવાની માહિતી આપેલ જણાય છે. બંન્ને તબદીલી પત્રોની નકલ અરજદારને પાઠવ્યાની અત્રે મોકલેલ નકલો પરથી પણ જણાય છે. જાહેર માહિતી અધિકારી કક્ષાએથી મુદ્દા નં.૨ અંગે અરજી અન્ય જાહે સત્તા મંડળને તબદીલ કરેલ હોઈ તે માહિતી ની નારાજગી અંગે લાગત જાહેર સત્તા મંડળના અપીલ અધિકારીને અરજદારે અપીલ કરવી રહે જેથી તે અંગે અત્રેથી કાર્યવાહી કરવા પાત્ર થાય નહીં. મુદ્દા નં.૧ આંશિક લઘુઉદ્યોગની વ્યાખ્યા બાબતે પણ તબદીલ થયેલ જાહેર સત્તામંડળના અપીલ અધિકારી સક્ષમ સત્તા હોઈ સદર કક્ષાએ અરજદારે અપીલ કરવી રહે. મુદ્દા નં.૧ ની આંશિક માહિતી જાહેર માહિતી અધિકારી ધ્વારા અપાયેલ છે. તેમાં BPMC એકટની કલમ ૩૭૬ ની જોગવાઈની નકલ અરજદારને અપાયેલ છે. પરંતુ તેમાંથી અરજદારે માંગેલ માહિતી મળતી હોય તેવું જણાતુ નથી. નકલ જોતાં "નિયમોમાં દર્શાવેલ જથ્થા" તેવો ઉલ્લેખ છે. તે જોતાં નિયમોની નકલ અરજદારને અપાયેલ જણાતી નથી. જાહેર માહિતી અધિકારી કક્ષાએથી નિયમો સહિત પુરી જોગવાઈની નકલ આપવી રહે અન્યથા માંગેલ માહિતિ મુદ્દા નં.૧ પુરતી સ્પષ્ટ જણાવવી રહે. ઉલ્લેખનીય છે કે માંગેલ માહિતી કલમ–૪ હેઠળ પણ સ્વયં જાહેર કરવા યોગ્ય કક્ષામાં સમાવિષ્ટ થતી પણ જણાય છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૩–૩–૦૯ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી જાહેર માહિતી અધિકારીને સ્પર્શતી મુદ્દા નં.૧ ની ફરીયાદની હકીકતમાં નિર્દિષ્ટ વિગતે નહીં પુરી પડાયેલ માહિતી અરજદારને કાયદાની કલમ ૭(૬) હેઠળ વિનામુલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭માં પુરી પાડવા શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતિ અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫ –૦૯.

ડે.**કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

પ્રતિ,
(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી, સેન્ટ્રલઝોન ...જાણ તથા અમલ માટે.
(૨) શ્રી સુરેશ એમ. પટેલ,૪/૩૬૬,૧લો માળ, દુધારાશેરી,બેગમપુરા,સુરત–૩..તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતેના હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂં.